ગાંધીનગર સમાચાર

તા. ૫-૩-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા સહજ બનાવીએ

લોકસભાની ચૂંટણી બારણે આવી પહોંચી છે. વહીવટીતંત્ર તડામાર તૈયારીઓ કરે છે. આજકાલમાં વિધિવત જાહેરાતની સંભાવનાઓ પણ છે. આદર્શ આચારસંહિતા અમલી બની જશે તો બીજી તરફ રાજકીય પક્ષો પણ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. એનડીએ, યુપીએ અને ત્રીજો મોરચો જાહેર સભાઓ, રેલીઓ, કાર્યકર સંમેલનો જેવા કાર્યક્રમોમાં વ્યસ્ત છે. ઉમેદવારોની પસંદગી કરવાની પ્રક્રિયા તમામ પક્ષોમાં અગ્રતાના ક્રમે ચાલી રહી છે. એક પક્ષે ૫૦ ઉમેદવાર જાહેર કર્યા, તો બીજા પક્ષે ૭૦ કર્યા, કોઈ ત્રીજા પક્ષે ૩૫ કર્યા. આમ કયા ઉમેદવારને કયાં લડાવવો તેનું ઘમાસણ પક્ષોમાં ચાલી રહ્યું છે. અગાઉના વર્ષોમાં કાર્યકરોની કામગીરીને આધાર બનાવી પક્ષો ટીકીટ આપતા હતાં. આજે માપદંડ બદલાયા છે. કઈ જ્ઞાતિના કેટલા મતદારો છે તેના આધારે ઉમેદવારની પસંદગી કરાય છે, તો વળી કયાંક કયો ઉમેદવાર કેટલા નાણાં ખર્ચી શકે તેમ છે તેના ઉપર પસંદગી થાય છે, તો ક્યાંક વળી શામ-દામ-દંડ-ભેદથી કોણ જીતી શકે તેમ છે. તેને ટીકીટ અપાય છે. અગાઉના વર્ષોમાં પસંદગીની પ્રક્રિયામાં કાર્યકાળ (સીનીયોરીટી) કે કાર્યનિષ્ઠા (ડેડીકેશન) મુલવવામાં આવતું હતું. આજે આ બંને પાસા લાચાર સ્થિતિમાં છે. ગુણવત્તાને બદલે જ્ઞાતિને મહત્ત્વ વધુ અપાય છે. જો કે એમ કહેવું પણ ખોટું નથી. આખી ચૂંટણી જ્ઞાતિ સમાજોના રંગે રંગાયેલી હોય છે.

કોંગ્રેસ હોય કે ભાજપ, ડાબેરીઓ હોય કે જમણેરીઓ, તમામ પક્ષો જૂથવાદથી ખદબદે છે. પક્ષોમાંય પક્ષો અને એમાંય પેટા પક્ષો અને એ પેટા પક્ષોના ય પેટા જૂથો!!! વ્હાલ દવલાની નીતિનું નિર્માણ કરે છે અને પછી સર્જાય છે યાદવા સ્થળી અને દરેક પક્ષોમાં કોને કોને જીતાડવા એના કરતાં કોને-કોને હરાવવા એની ચર્ચાઓ ચકડોળે ચડે છે. એવું કહેવાય છે ને કે ભાજપને કોણ હરાવી શકે... તો ... ભાજપ જ હરાવી શકે. અને કોંગ્રેસને કોંગ્રેસ જ હરાવી શકે. અને એટલે જ ચિંતાનો વિષય છે કે એક પક્ષમાં એક સાથે કામ કરનારા કર્મનિષ્ઠો એકમેકને સ્વીકારી નથી શકતા તો આખા રાજ્ય કે આખા દેશની વાત જોજનો દૂરની વાત છે. અને એટલા જ માટે કહેવાનું ગમે કે પક્ષો પહેલાં અંદર એક થાય અને પછી દેશની એકતાની વાત કરે..!!! આજકાલ દરેક પક્ષોમાં કોને કોને કયાં-કયાંથી ટીકીટો આપવી એના કરતાં કોને કોને કયાંથી કાપવા એનું રાજકારણ જોરશોરથી ચાલે છે.. અને આ પ્રવૃત્તિમાં કોઈ બાકાત નથીએ એકસો સત્યાવીશ વર્ષ જૂની કોંગ્રેસ પાર્ટી હોય કે પંદર માસ જૂની આમ પાર્ટી હોય. રોગચાળો સર્વ વ્યાપક છે પાડવા-પછાડવાની પ્રવૃતિ એ જ જાણે રાજકારણ હોય એવી છાપ સામાન્ય જન માનસ પર ઉઠે છે. નિષ્ઠા પૂર્વક રાજનીતિમાં કાર્યરત સૌ સક્રિય નાગરિકો પોતાના પક્ષની નીતિ-રીતિ અને બંધારણની મર્યાદામાં એક બને.. નેક બને.. તો લોકશાહીનું મંદિર વધુ પવિત્ર બની શકશે.

ગર્વમેન્ટ પોલીટેકનીક ફોર ગર્લ્સ કોલેજનો સુવર્ણજયંતિ સમારોહ સંપન્ન

અમદાવાદ, તા.૪

નવરંગપુરા ખાતે ગર્વમેન્ટ પોલીટેકનીક ફોર ગર્લ્સ કોલેજની સુવર્ણજયંતિ નિમિત્તે યોજાયેલા સમારોહમાં રાજયકક્ષાના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ કોલેજની વિદ્યાર્થીનીઓને શિક્ષણ સાથે લક્ષ્ય નક્કી કરી સપના સાકાર કરવા જણાવ્યું હતું.

શ્રેષ્ઠ સમાજ નિર્માણમાં કન્યા કેળવણી મહત્વનું પરિબળ છે ત્યારે રાષ્ટ્ર નિર્માણમાં દીકરીઓને પોતાની પ્રતિભા ઉજાગર કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાત યુનિ.ના કુલપતિ શ્રી એમ.એન. પટેલે સ્વ સંસ્થા અને રાજયનું ગૌરવ વધારવા જણાવ્યું હતું. હકારાત્મક અનુભવનો ઉપયોગ કરી ટીચીંગ નહીં લર્નિંગનો અભિગમ કેળવવા તેમણે જણાવ્યું હતું.

સ્વાગત પ્રવચનમાં કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ઉષ્મા અનેરાવે વુમન એમ્પાવરમેન્ટ થ્રુ એજયુકેશનના સંસ્થાના અભિગમને અનુભૂતિ દ્વારા ઉજવણી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે કોમ્પ્યુટર વિભાગના વડા શ્રી એચ.જી. બલદાણિયા, સલાહકાર સમિતિના શ્રી સુનિલ શાહ, સંસ્થાના અગ્રણીઓ, શિક્ષણવિદો, પ્રોફેસરો, વિશેષજ્ઞો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

ગાંધીનગરને આંગણે યોજાશે ભવ્ય કવિ સંમેલન

ગાંધીનગર, તા. ૪

શહેરની જાણીતી કલાસંસ્થા 'સંસ્કૃતિ' દ્વારા આગામી તા. ૭-૩-૨૦૧૪ને શુક્રવારના રોજ રાત્રે ૯.૧૫ વાગે ટાઉન હોલ, ગાંધીનગર ખાતે એક ભવ્ય કવિ સંમેલનનું આયોજન 'કવિ સમીપે' શિર્ષક તળે કરવામાં આવનાર છે. કલાસંસ્થા 'સંસ્કૃતિ' તેના સ્થાપનાના ત્રીજા વર્ષે ગાંધીનગરની જનતા માટે આ ભવ્ય કાર્યક્રમ લઈને ઉપસ્થિત થાય છે.

ગુજરાતના યુવા અને તેજસ્વી કવિઓને સામેલ રાખીને આ કવિ સંમેલનનું આયોજન થયું છે. આ કવિ સંમેલનમાં ભાગ્યેશ જહા, ભાવેશ ભટ્ટ, તેજસ દવે, નરેશ સોલંકી, ગૌરાંગ ઠાકર, પંકજ મકવાણા, કુલદિપ કારીયા, મોહમંદતાહા મંસુરી ભાગ લેશે. આ કવિ સંમેલનમાં બે કવયિત્રી પણ સામેલ થનાર છે. પોતાની રચનાના ઉંડાણથી ગુજરાતી કવિતામાં સ્થાન જમાવનાર સુ. શ્રી લક્ષ્મી ડોબરીયા અને શ્રીમતી જ્યોતિબહેન અમીન આમા સામેલ થશે. ગાંધીનગરના આંગણે રજૂ થનાર આ કાર્યક્રમની વિશેષતા અને આકર્ષણ એ છે કે કવિતા સ્વરૂપના જુદા જુદા રૂપોને સુંદર રીતે વ્યક્ત કરતાં કવિઓ આ કાર્યક્રમમાં સામેલ થવાના છે. એટલે ગુજરાતી કવિતાનું આજનું સ્વરૂપ જોવા-જાણવા અને સાંભળવા મળે તેવો આ કવિ સંમેલનનો ઘાટ ઘડાયો છે.

આ કાર્યક્રમના નિમંત્રણ પત્રો રસ ધરાવતા સાહિત્યપ્રેમીઓને રવાના કરવામાં આવ્યા છે. પરંતુ આ કાર્યક્રમ સર્વ નગરજનો માટે વિનામૂલ્યે યોજાયો છે. તેથી તેના નિમંત્રણ પત્રો વિનામૂલ્યે મેળવવા માટે 'સંસ્કૃતિ' સંસ્થા, ગાંધીનગરનો સંપર્ક સાધવા આયોજકો તરફથી વિનંતી કરવામાં આવી છે. આ અંગે મોબાઈલ નં. ૯૮૨૫૮૭૯૫૨૯ ઉપરથી પણ વિગતો જાણી શકાશે.

હરિની દૃષ્ટિ...

રોડ દેખો, બિલ્ડીંગ દેખો, ટેકનોલોજી દેખો, જોબ દેખો, જો ભી તુમ્હારે સપને હૈ વો અભી કે અભી દેખો...!!

પ્રેરણા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ યોજાયો વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અપાયા

ગાંધીનગર, તા.૪

પાટનગરની પ્રેરણા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ તાજેતરમાં ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. ધારાસભ્ય અશોક પટેલે દીપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી.

શહેરના સેકટર-૫ સ્થિત પ્રેરણા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ગઈ તા. ૧ માર્ચના રોજ ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો

હતો. આ પ્રસંગે ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ, કોર્પોરેટર રાકેશ પટેલ અને આસીસ્ટન્ટ પ્રદ્યુમનસિંહ વાઘેલાએ દીપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી.

વાર્ષિકોત્સવમાં શાળાના બાલમંદિરથી ધો-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાયા હતાં. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા ગણેશવંદના કરવામાં આવી હતી. ત્યારબાદ અભિનયગીત, દેશભકિત ગીત, ગરબો, માઈમ, ટીપ્પણી, પંજાબી ડાન્સ, રાસ, આદિવાસી ગીત, મરાઠી ડાન્સ જેવા અલગ અલગ રાજયોના નૃત્યો કરી ઉપસ્થિતિ લોકોને દંગ કરી દીધા હતા.

શાળાના વિદ્યાર્થીઓની દિલ્હી ખાતે યોજાયેલી રાજય કક્ષાની સ્પર્ધા કુનુર, તામિલનાડુ ખાતે યોજાયેલી ફેન્સીંગ સ્પર્ધા, જિલ્લા કક્ષાની હીલશીલ્ડ ક્રિકેટ સ્પર્ધા, નેશનલ કક્ષાની સાયન્સ ડ્રામા કોમ્પીટીશનમાં પસંદગી થઈ હતી. વિજેતા ખેલાડીઓને આ પ્રસંગે ઈનામ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.

સે. ૧૬ અંધશાળામાં બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને પુષ્પ આપી શુભેચ્છા પાઠવી

ગાંધીનગર, તા. ૪

સર્વિસ એસોસીએશન ફોર ધી બ્લાઈન્ડ, અમદાવાદ સંચાલિત અંધશાળા ગાંધીનગરમાં અભ્યાસ કરતા ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગરના સેકટર-૧૬માં અંધશાળા આવેલી છે. અંધશાળામાં દૃષ્ટિહીન બાળકો મોટી સંખ્યામાં અભ્યાસ કરે છે. ત્યારે ધોરણ-૧૦માં અભ્યાસ કરતા અને બોર્ડની પરીક્ષા આપવા જઈ રહેલા વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ શાળા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના મંત્રી રહેમાનભાઈ અંસારી અને રાષ્ટ્રીય યુનિવર્સિટીના પ્રાધ્યપિકા ઝરણાબેન મહેશ્વરી ઉપસ્થિતરહ્યા હતા.

સમારંભમાં બાળકોને કંકુ-તિલક અને પુષ્પ આપવામાં આવ્યા હતા. અને તમામ બાળકોને ચોકલેટ આપી મો મીઠુ કરાવ્યુ હતુ. તેમજ ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા.આ પ્રસંગે મહાનુભાવોએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે મહેનત કરવામાં ક્યારેય પાછી પાની કરશો નહિ. પોતાનો ધ્યેય બનાવી આગળ વધો.

મહાનુભાવોએ વર્ષોથી નિસ્વાર્થ પણે અહિંયા સેવા આપતા લીનાબેન અને અરવિંદભાઈ દોશીનું શાલ ઓઢાડી બહુમાન કર્યુ હતુ. અને વિદ્યાર્થીઓને બ્રેઈલકીટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાનો શિક્ષકગણ, સંસ્થાના સભ્યો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કડી કેમ્પસની પ્રાથમિક શાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૪

કડી સર્વ વિદ્યાલય કેમ્પસની વધુ ચાર શાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ આજે ખિમજી વશરામ હોલમાં યોજાયો હતો. 'રાષ્ટ્રવંદના' થીમ પર આધારિત આ કાર્યક્રમમાં બાળકોએ દેશભક્તિ અંગેની ખૂબ જ સુંદર કૃતિઓ રજૂ કરીને હાજર સૌ વાલીઓને અચંબિત કરી દીધા હતા.

કડી કેમ્પસમાં આવેલ આર.એન. પટેલ પ્રાથમિક, જે.બી. પ્રાથમિક, એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક અને એસ.જી. અંગ્રેજી માધ્યમની પ્રાથમિક સ્કૂલ એમ ચાર શાળાઓનો સંયુક્ત વાર્ષિકોત્સવ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ, દાતાઓ રંજનબેન પટેલ, વ્યોમેશભાઈ પટેલ, હિરલબેન પટેલ, સવિતાબેન પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



આ કાર્યક્રમમાં ચારેય શાળાઓના તેજસ્વી તારલાઓનું ઈનામો આપી સન્માન કરાયું હતું. રાષ્ટ્ર વંદના થીમ પર આધારીત આ કાર્યક્રમમાં બાળકોએ એક પછી એક રંગારંગ અને અદ્ભૂત સાંસ્કૃતિક, મનોરંજક અને ક્રિયાત્મક કૃતિઓ રજૂ કરી હતી. આ કૃતિઓમાં આઝાદ ભારતની સંકલ્પના વ્યક્ત કરતા શહીદો, દેશને ઉન્નત બનાવવા દરેક નાગરિકો પોતાનાથી પહેલ કરે, આંતકવાદ અને ભ્રષ્ટાચાર જેવા દૂષણોને નાથવા કટિબદ્ધતા અને મા ભોમની રક્ષા કાજે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરવા તત્પર સૈનિકોની ગાથા રજૂ કરતી અદ્ભૂત કૃતિઓ રજૂ કરાઈ હતી. જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ-૭માં ભણતા યશ પટેલે દિલધડક કરતબ બતાવીને પ્રેક્ષકોને દિગ્મૂઢ કરી દીધા હતા.

ધોરણ-૭માં ભણતા યશ પટેલે વાર્ષિકોત્સવમાં અદ્ભૂત કરતબ બતાવ્યા

કડી કેમ્પસની પ્રાથમિક શાળાઓના સંયુક્ત વાર્ષિકોત્સવમાં રાષ્ટ્રવંદનાની થીમ પર રજૂ થતી એક થી એક ચઢિયાતી કૃતિઓ જોઈને પ્રેક્ષકો ખૂબજ અચંબિત થઈ ગયા હતા. આવી જ એક કૃતિમાં જે.બી. પટેલ પ્રાથમિક શાળામાં ધોરણ-૭માં ભણતા યશ બચુભાઈ પટેલે આશ્ચર્યજનક રીતે સ્ટેજ ઉપર જીમ્નેસ્ટીક કરતબો લગલગાટ દસ મિનિટ સુધી કરી બતાવતા કાર્યક્રમ જોવા હાજર વાલીઓ, મહેમાનો અને અન્ય પ્રેક્ષકોના શ્વાસ રોકી દીધા હતા. ઝડપથી હવામાં ગુંલાટો મારતા અને માથાને ધરી બનાવી ગોળ ગોળ ફરતા અદ્ભૂત કરતબ બતાવતા યશને જોઈ હાજર સૌ કોઈ આફરિન પોકારી ગયા હતા.

સિનિયર સીટીઝન કાઉન્સિલમાં ખાતાકીય માર્ગદર્શિકનું વિમોચન

ગાંધીનગર, તા. ૪

સીનીયર સીટીઝન કાઉન્સીલની સભામાં લવજીભાઈ વાડીઆ દ્વારા સંપાદિત ખાતાકીય તપાસ- માર્ગદર્શિકા નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. સીનીયર સીટીઝન કાઉન્સીલના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ વિનોચન કરેલ હતું. પુસ્તકની પ્રસ્તાવના નિવૃત્ત ચીફ જસ્ટીસ જે.એન. ભટ્ટે લખેલ છે. રાજય તથા ભારતીય સેવાના કર્મચારીઓને ઉપયોગી થાય તેવા પ્રશ્નોનો ઉકેલ સ્વરૂપ સાહિત્યને સમાવેશ થયેલ છે. સભામાં પુસ્તક વિશે જાણકારી આપવામાં આવી હતી. મહામંત્રી નિરંજનભાઈ ઓઝા ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે જણાવેલ છે.

ચંક્રમણ પુસ્તક વિમોચન

ગાંધીનગર, તા. ૪

સ્વ. પ્રા. બદરીપ્રસાદ માણેકલાલ ભટ્ટનું પુસ્તક 'ચંક્રમણ'નું વિમોચન તા. ૬ માર્ચ, સાંજે ૫.૦૦ કલાકે નિસર્ગ સાયન્સ કોમ્યુનિટી સેન્ટર, સેક્ટર-૨૩ ખાતે કરવામાં આવશે. વિમોચન પ્રસંગે અધ્યક્ષ તરીકે શ્રી કૃષ્ણકાન્ત જહા તંત્રીશ્રી ગાંધીનગર સમાચાર અને અતિથિ વિશેષ તરીકે કવિ હર્ષદ ત્રિવેદી ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ઉપસ્થિત રહેશે.

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા ૧૧મીએ હોબી કલાસીસ

ગાંધીનગર, તા. ૪

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહ નિમિત્તે ૧૧મી માર્ચના બપોરે બ્રહ્મ ભવન સેકટર-૧૬માં હોબી કલાસીસમાં ડિઝાઈનર, નેપકીન, ફેબ્રીક પેઈન્ટીંગ અને મહાન નારીઓના પાત્રોનો એકપાત્રિય અભિનયનો કાર્યક્રમ, બેકરી વસ્તુઓના ડેમો રાખવામાં આવેલ છે. જેમને ભાગ લેવો હોય તેમને પ્રમુખ પ્રતિભાબેન દવે તથા આશાબેન ભટ્ટ ૯- તેજસ સોસાયટી સેકટર-૨૩, ૨૩૨૨૫૬૫૬, કુ. અંજનાબેન ગોર, પ્લોટ નં. ૧૨૫/૨, શ્રીમતી જ્ઞાનદેવીબેન ઉપાધ્યાય પ્લોટ નં. ૪૯૭/૨, સેકટર૨૫/એ, ૨૩૨૪૧૪૫૨, નીશાબેન જોશી ૯૯૧૩૮૪૦૧૭૬નો સંપર્ક સાધવા જણાવેલ છે.

દશ્ય રચનાની તાલીમ માટે વર્કશાપ યોજાશે

જાણીતા રંગકમી 'સેટ ડિઝાઈનશ્રી ગોવર્ધન પંચાલની જન્મ શતાબ્દીની ઉજવણી નિમિત્ત યુવા રંગકર્મીઓને સેટ ડીઝાઈન અને દશ્ય રચનાની તાલીમ આપવા વર્કશોપનું આયોજન કરેલ છે. દશ તાલીમાર્થીઓને તા. ૧૮થી ૨૨ માર્ચ દરમ્યાન મુંબઈના જાણીતા સેટ ડિઝાઈનર છેલ પરેશ અને સ્થાનિક ડિઝાઈનર દિગ્દર્શકો ટી.એમ.સી. સ્ટુડિયોમાં થિયરી અને પ્રેકટીકલ તાલીમ આપશે. સંપર્ક માટે ૨૯૨૯૮૪૦૪, ૨૭૫૯૦૨૪૧.

મહુવામાં મોરારીબાપુની નિશ્રામાં યોજાયું 'ગુજરાતી કેળવણી પરિષદ' આયોજિત શિક્ષણ પર્વ-૧

પૂ. મોરારીબાપુની નિશ્રામાં કૈલાસ ધામ- મહુવામાં તા. ૧થી ૩ માર્ચનાં રોજ ગુજરાતી કેળવણી પરિષદ- શિક્ષણ પર્વ-૧ની શિક્ષણભેર ઉજવણી થઈ. કેળવણી પરિષદના પ્રમુખશ્રી આ. મનસુખભાઈ સલ્લા અને મંત્રીશ્રી આ. અરવિંદભાઈ દેસાઈ આયોજિત આખો કાર્યક્રમ જીવંત અને નવી દિશાઓ ખોલનારો રહ્યો. આખા ગુજરાતને જેની તરસ અને ભૂખ છે તેવા શિક્ષણના સર્વે પાસાઓને આવરી લેતી આ પ્રાચીન ગુરુકુળની યાદ દેવડાવતી પરિષદ આવતી કાલના બાળકો માટે નવી દિશાઓ ખોલનારી હશે. આ શિક્ષણ પર્વ લોકશિક્ષણના કુલગુરુ મોરારીબાપુની સાદ્યંત ઉપસ્થિતિમાં અમીરસ પાન કરતું અને સર્વે અભિભાવકોને શિક્ષણવિચાર અને ઉકેલની દિશામાં ગતિ કરાવતું રહ્યું. શિક્ષણની ચિંતા ઘણા કરે છે પણ ચિંતન અને મનન કરનાર કરાનારા પણ ઘણા લોકો છે તે પણ આ પરિષદના અંતે સિદ્ધ થયું.

ત્રણ દિવસ દરમિયાન કેળવણીકારોનો મોટો સમૂહ શિક્ષણમાં આવી ગયેલી વિપરીત શિક્ષણની આંધીને બાજુ પર હટાવી દેવાનો સંકલ્પ, મોટી સંખ્યામાં પધારેલ શિક્ષકમિત્રોની ઉપસ્થિતિમાં થયો. કાર્યક્રમનું માળખું ચીલાચાલું વ્યાખ્યાનથી ઉપર ઉઠીને કર્મભક્તિની ઊંચાઈએ પહોંચ્યું અને એ રીતે ખાસું અલગ ભાત પાડનારું રહ્યું. વકતાઓને સાંભળવાનો એકતરફી સંતોષ ન મળે તે માટે દરેક બેઠકનાં અંતે પ્રશ્નોત્તરી અને ચર્ચા માટે પૂરતો સમય આપવામાં આવ્યો.

આજે જ્યારે બાળકને કેન્દ્રમાં રાખીને તેના સર્વાંગી વિકાસની કેડી કંડારવાની તાતી જરૂર છે, તેને બદલે કારકિર્દીના આંધણ ઉપર બાળકને ચડાવી દેવાની ઉતાવળ અજ્ઞાની અને અર્થકેન્દ્રી ઉતાવળવાળા મા-બાપ કરતા જોવા મળે છે. શિક્ષણની ચાર ધ્યેયમંત્રો (શિક્ષણ, સંશોધન, વિસ્તરણ, સેવા)બાજુ પર રહી જાય અને માત્ર બાળકને કશુક એવું બનાવી દેવાની ઉતાવળ કે જેનાથી મમ્મી-પપ્પાનો વટ પડી જાય અને પછી નોકરી મળી જતા ભલે બે જ વર્ષમાં દિકરો કહેઃ 'પિતાજી! શહેરમાં સુંદર ઘરડાઘર ખુલ્યું છે. તમારું નામ નોંધાવી દીધું છે.' પછી પિતાજી વિચાર કરવાને બદલે છાના-છાના રડવાનું પસંદ કરે.

સા વિદ્યા યા વિમુકતયે વિષયને જીવંત કર્યો શ્રી રવિન્દ્રભાઈ દવેએ જે જ્ઞાન માટે સતત વિશ્વપ્રવાસ કરતા રહ્યા છે. તેમણે પર્વનો અર્થ સ્પષ્ટ કરી જ્ઞાનના આદાનપ્રદાનનો મહિમા વર્ણવ્યો. જ્ઞાન આપનારની જુદી વિકાસ કેડીઓ જેવી કે ઉપાધ્યાય, ઉપાચાર્ય, આચાર્ય, પ્રાચાર્ય, ગુરુ-કુલગુરુ અને જગદગુરુ (શંકરાચાર્યની) રસપ્રદ રજૂઆત કરી. તેમના કેટલાક વિચાર મૌક્તિકો : 'વિદ્યા અને મુક્તિ અને બીજી જન્મ મુક્તિ.દ વિદ્યા પ્રાપ્ત કરવી એટલે 'બેટર લાઈફ'માંથી 'હાયર લાઈફ' તરફની ગતિ. વિદ્યા બે પ્રકારની અપરા એટલે વ્યવહારિક વિદ્યા અને અવિદ્યા એટલે પરાવિદ્યા અર્થાત્ આધ્યાત્મિક વિદ્યા. બંને વિદ્યાઓ શીખવાની જે કેળવણી આપે તે કેળવણી. કો અહમ શરૂઆત છે. સો અહમ પ્રાપ્તિ છે. (ગુરુ એટલે ગુઃ અંધકાર, રુઃ -નાશ કરવો) પ્રતિબદ્ધતા એટલે કોઈપણ સત્કાર્યને કોઈ પણ ભોગે અદા કરવા માટેની આંતરિક પ્રતિજ્ઞા.

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

સમગ્રતાનું શિક્ષણ વિષય ઉપર આ અશ્વિનભાઈ કાપડીયાએ સુંદર અને વિવિધ વિચારપ્રેરક શૈલીમાં વ્યાખ્યાન રજૂ કર્યું. શ્રી અરવિંદ શૈક્ષણિક વિચારો આધારીત સર્વાંગી શિક્ષણ, યોગ અને શિક્ષણનો મહિમા અદ્ભુત રીતે પ્રવચનમાં કર્યો.

દર્શકનું શિક્ષણ દર્શન વિષય ઉપર આ યોગેન્દ્રભાઈ ભટ્ટ જે દર્શકની સાથે રહ્યા ૪૬ વર્ષ રહ્યા છે. તેમણે વ્યાપક સંવેદનશીલતા આચારધર્મને કેન્દ્રમાં રાખીને રસાળ શૈલીમાં વ્યાખ્યાન આપ્યું. આપણે ખોટી કેળવણી પી ગયા છીએ તેથી તો કોઈ પરિણામો આવતા નથી.- તેવો વ્યંગ પણ તેમણે કર્યો. પ્રેમ, શૌર્ય અને કૌશલ્ય હશે તો શિક્ષણનાં સૌ સારાવાના થશે. સ્વામી નિખિલેશ્વરાનંદજીએ સ્વામી વિવેકાનંદજીનું શિક્ષણ દર્શન વિષય પર સુંદર પ્રવચન આપ્યું.

રાત્રે 'અકૂપાર' નાટક ભજવાયું. જશવંત ઠાકર મેમોરિયલ ફાઉન્ડેશન દ્વારા પ્રસ્તુત અને ધ્રુવ ભટ્ટ લિખિત આ નાટકે સૌએ પ્રકૃતિની વિમુખતાને સહૃદયે અનુભવી. પ્રકૃતિ અને પુરુષ વચ્ચેનો ભેદ સદીઓથી ભૂસવા મથી રહેલી ભારતીય સંસ્કૃતિ અકૂપારથી સિદ્ધ થાય છે. ધ્રુવભટ્ટ દ્વારા રચિત અકૂપાર લાઈફ ઑફ પાઈથી જરાય જુદી રીતે આપણી સામે આવે છે. જીવન ફરી ફરીને એ જ વર્તુલમાં ઘુમરાયા કરે છે. પ્રાણીની મર્યાદાઓ સાથે તેનો સ્વીકાર આપણી સંસ્કૃતિનો પ્રાણ છે. એક ચિત્રકાર જ ગિરમાંજાય છે અને બધા ભેગા મળી લોકાત કરે છે. સિંહ અકસ્માતે મરી જાય છે તો પણ બંધ પાળવામાં ચાર ગામ એક થઈ જાય છે. એખ અંધ રવાભ અદા જીવતે જીવ લગ્ન ન કરવાની ઠાન લઈને બેઠા છે. મેં બધાનું લગ્નનું ખાધું છે. તો મારે પણ બધાને જમાડવું જોઈએ. છેવટે એ બે ડુંગરાને પરણાવી અને તે નિમિત્તે નાતબંધુઓને જમાડે છે. ડુંગર પ્રત્યેનો પ્રેમ પણ અને પ્રકૃતિની સાથેની આત્મિયતા દેખાડે છે. નવાબ સામે બે વેણ કહેવાની હિંમત કરે છે. નવાબ શિકાર અંગેનો કાયદો બદલી નાખે છે.

બીજો દિવસ શિક્ષણ વિમર્શનો રહ્યો. ભાગીદારી પદ્ધતિથી શિક્ષણના મુદ્દાઓનું સમૂહ ચિંતન કરાયું. તજજ્ઞોની પ્રેરક ઉપસ્થિતીમાં શિક્ષણ જગત અંગે ચિંતન કરાયું. જેમ કે, મુખ્ય ચર્ચાના મુદ્દાઓ ૧. શાળાનું ભાવાવરણ કેવી રીતે સર્જવું. ૨ વર્ગખંડમાં રસમગ્નતાનું વાતાવરણ સર્જવું, ૩. શિક્ષક-વિદ્યાર્થી નિરામય સંબંધ ૪. શિક્ષકની નિષ્ઠા અને દ્રષ્ટિ રહ્યા. આ બેઠકમાં આમંત્રિત સર્વે શિક્ષણજ્ઞાતાઓએ પોતાનો મત સુપેરે વ્યક્ત કર્યા. મનસુખભાઈ સલ્લાએ બેઠકને સમગ્ર રીતે સફળ બનાવી. અન્ય એક રસપ્રદા વિષય માતૃભાષાની મહતા ઉપર ગુજરાતના ખોગળવિજ્ઞાની આ શ્રી પંકજભાઈ જોશીએ. માતૃભાષા દ્વારા શિક્ષણ : વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિષય ઉપર મનનીય વિચારો પ્રસ્તુત કર્યા. તેમની વૈજ્ઞાનિક તરીકેની સફરમાં ક્યાંય માતૃભાષામાં લીધેલ શિક્ષમ નડ્યું તો નથી જ પણ ઊંડાણપૂર્વકની સમજ મેળવવામાં સહાયરૂપ બન્યું છે. તેની વિગતવાર ચર્ચા કરી. ત્યારબાદ ગુજરાતનાં હાસ્ય સાહિત્યમાં લેખન ક્ષેત્રે તેજતારક સમા આ. વડીલશ્રી રતિલાલ બોરીસાગરે, માતૃભાષા દ્વારા શિક્ષણ : ભાવાત્મક દૃષ્ટિકોણ વિષય પર મજા કરવતું અને સાથે ચોટદાર વકતવ્ય આપ્યું. શ્રોતાઓને લોકબોલી અને ભાષાની વાત રસાળ શૈલીમાં કરી. સાહિત્ય દ્વારા જ માનવીની આંતરિક શકયતાઓ ખીલે છે અને જીવનને નજીકથી જોવાની શીખ પણ મળે છે તે વાત તેમણે સદૃષ્ટાંત રજૂ કરી. રાત્રે નરેન્દ્રભાઈ શાસ્ત્રી દ્વારા ભજન અને સુગમ સંગીતનો કાર્યક્રમ ભારે ઉમળકાભેર પ્રસ્તુત થયો.

પૂ. મોરારી બાપુએ જીવનપર્વની વાત ચિંતનસભર વાણીમાં રજૂ કરી. કેટલાક વિચારો : જિવનમેળામાં પહાડ વહેતું જળ, વૃક્ષો અને પુરુષાર્થની આવશ્યકતા છે. પહાડ જીવનમાં સ્થિરતા, નિષ્ઠા, પ્રતિષ્ઠા, વિદ્યા વગેરેને આકારે છે. બાલકોની બાંધી શકાતા નથી. યશોદા પણ કયા કનૈયાને બાંધી શકેલ? જળ તત્વ એટલે ગતિ અને શુદ્ધતાનું પ્રમાણ, પરસેવાનું, આંખનું જળ જીવનને નિર્વ્યાજ બનાવે છે. વૃક્ષ પરહિતને શીખવાડે છે. બાળક ગર્ભખંડ, ગૃહખંડ અને પછી વર્ગખંડમાં આવે છે. શિક્ષક વૃક્ષ છે તો વિદ્યાર્થી છોડ છે પણ તેનો વિકાસ શિક્ષકે થવા દેવાનો છે. ચોથી વાદ કરી કેળવણીના જીવનપુરુષાર્થની. ચાર પુરુષાર્થ જેવા કે, સર્વગ્રાહી નીતિ, જીવન પ્રીતિ, સ્વાર્થ અને પરમાર્થ. અંતિમ બેઠકમાં શિક્ષણ ક્ષેત્રે સફળ પ્રયોગધર્મીઓએ તેમના અનુભવો અને પ્રક્રિયાના રજૂ કર્યા. ગુજરાતી કેળવણી પરિષદ ગુજરાતને સર્વાંગી શિક્ષણની દિશામાં એક નવી વિચાર અને આચાર દશામાં લઈ જશે તેવી અખંડ પ્રાર્થના. અંતે બાપુના કૈલાસધામને વંદન અને આપ સૌને જય